કોરોના વોરીઅર્સને સમયસર
પગારભથ્થા તથા આનુષંગિક
લાભો અને સુવિધાઓ મળી
રહે તે સુનિશ્ચિત કરવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ક્રમાંકઃ-એન.સી.વી.-૧૦૨૦૨૦-એસ.એફ.એસ-૨-ગ(પા.ફા.)
સચિવાલય ગાંધીનગર
તા. 22 JUN 2020

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવશ્રીના હુકમ ક્રમાંક- F.No./Covid-19/60/2020-ME-(Pt.1) તા.૧૮/૦૬/૨૦

**પરિપત્રઃ**

૨. રાજય સરકાર ધ્વારા કોરોના સામે લડવા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૧, તાઃ૧૩-03-૨૦૨૦ના જાહેરનામાથી રાજયમાં ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન- ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ-૧૦(૨) ની સત્તાની રૂએ તા.૧૧/03/૨૦૨૦ ના હુકમ-40/2/20202-DM-I(A)થી તમામ રાજયોમાં ડૉકટરો અને આરોગ્ય કર્મીઓને સમયસર પગાર ચૂકવવા હુકમ કરેલ છે.

3. જે અન્વયે કોરોનાની પેન્ડેમીકની પરિસ્થિતિમાં રાજયમાં આવી કામગીરી કરતા તમામ આરોગ્ય કર્મચારીઓને એડહોક, આઉટસોર્સીગ, કોન્ટાકચ્યુઅલ તેમજ તમામ સંવર્ગના કોરોના વોરીઅર્સને અચૂકપણે સમયસર પગારભથ્થા તથા આનુષંગિક લાભો અને સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. જો આ બાબતે કોઈપણ પ્રકારની ચૂક થશે તો સંબંધિત સંસ્થા,હોસ્પિટલો અને સત્તામંડળ સામે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ અને ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માંન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય
- અધિક મુખ્ય સચિવશ્રી ,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે ઉપસચિવશ્રીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- સેક્શન અધિકારીશ્રી, ગ- શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦